પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૪ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૭, રવિવાર ; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલ માટે હિલચાલ

### રાજ્યપાલ માટેની યાદીમાં રહેલા બાકી કેટલાક સભ્યોને આજે જ ખુશી મળી શકે : ચૂંટણી પર બાજ નજર કેન્દ્રિત



નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રિય કેબિનેટનુ આવતીકાલે વિસ્તરણ કરવામાં આવનાર છે. આની સાથે સાથે આવતીકાલે જ કાલરાજ મિશ્ર સહિત પાંચને નવા રાજ્યપાલ બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. પાંચ નવા રાજ્યપાલની નિમણૂંક પણ કરવામાં આવનાર છે. કાલરાજ મિશ્રને કેબિનેટમાંથી દુર કરવામાં આવ્યા બાદ તેમને રાજ્યપાલ બનાવવાની જાહેરાત કરવામાં આવી શકે છે. પાંચ નવા રાજ્યપાલના નામની જાહેરાત પણ તરત જ કરવામાં આવનાર છે.બિહારમાં રાજ્યપાલનો હોદ્દો હજુ ખાલી છે. ૭૫ વર્ષ પૂર્ણ કરી ચુકેલા નેતાઓને મોદી સરકારે પ્રધાન નહી બનાવવાનો નિર્ણય કર્યો છે. આ દ્રષ્ટિથી કાલરાજ મિશ્રાની વય વધી ચુકી છે. તેમની સાથે સાથે રાજ્યપાલની યાદીમાં રહેલા કેટલાક સભ્યોને આવતીકાલના દિવસે જ રાજ્યપાલ બનાવવાની જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

## ભારત અને શ્રીલંકા વચ્ચે આજે પાંચમી વનડે : ભારત વ્હાઈટ વૉશ કરવા સજ્જ

કોલંબો,તા. ૨

ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની પાંચમી અને અંતિમ વનડે મેચ આવતીકાલે ખાતે રમાનાર છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પહેલાથી જ શ્રેણી ૪-૦થી જીતી ચુકી છે. આવી સ્થિતીમાં ભારતીય ટીમ વ્હાઈટ વોશ કરવાનો હેતુ ધરાવે છે.આવતીકાલની મેચમાં પણ સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે ટીમ ઈન્ડિયા સજ્જ છે. ભારતના તમામ ખેલાડી ભવ્ય ફોર્મમાં છે. પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની, રોહિત શર્મા અને શિખર ધવન, વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. બીજી બાજુ યજમાન ટીમના ખેલાડીઓનો ફ્લોપ શો રહ્યો છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### નીટ મામલે દલિત યુવતિની આત્મહત્યા

મેડિકલ કોલેજમાં પ્રવેશ માટે યોજાતી નીટ પરિક્ષાની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર વિદ્યાર્થીની અનીતાએ આત્મહત્યા કર્યા બાદ વિદ્યાર્થીઓમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. આજે નીટને ખતમ કરવાની માંગ સાથે વિદ્યાર્થીઓએ હિંસક દેખાવો કર્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નીટને પરત ખેંચી લેવાની માંગ કરી રહ્યા છે. અનિતાએ નીટના કારણે મેડિકલ કોલેજમાં પ્રવેશ ન મળતા આને લઈને શુક્રવારના દિવસે આત્મહત્યા કરી લીધી હતી. મોત સામેના વિરોધમાં સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સભ્યોએ ચેન્નાઈના માર્ગો પર જોરદાર હોબાળો કર્યો હતો.

### મોદી આજે સાંજથી વિદેશ પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ચીન અને મ્યાનમારની મુલાકાતે જઈ રહ્યા છે. ચીનમાં યોજાનાર બ્રીકસની બેઠકમાં તેઓ હાજરી આપશે. ઉપરાંત મ્યાનમારના વિકાસ માટે મંત્રણાઓ કરશે.

### 'જીઓ'ના ૬ કરોડ ફોન નોંધાયા

રીલાયન્સ જીઓને દેશભરમાંથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. ૩૧ ઓગષ્ટ સુધીમાં ૬ કરોડથી વધુ ગ્રાહકોએ ફોન બુક કરાવ્યા છે. પ્રથમ નવરાત્રીથી વિતરણ શરુ થશે.

## ખતરનાક બ્લુ વ્હેલ ગેમે પાલનપુરના માલણના યુવાનનો ભોગ લીધો

### યુવકે સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યું : આત્મહત્યા કરતાં પહેલા ફેસબુક પર વીડિયો પોસ્ટ કર્યો જીંદગીથી કંટાળી ખતરનાક બ્લુ વ્હેલગેમ ડાઉનલોડ કરી

પાલનપુર,તા. ૨

રશિયાની દુનિયાભરમાં ખતરનાક અને જીવલેણ બની રહેલી બ્લુ વ્હેલ ગેમએ આજે પાલનપુરના રહેવાસી એવા એક યુવકનો અમદાવાદમાં ભોગ લીધો હતો. પાલનપુરના માલણ ગામના અશોક માલુણા નામના યુવકે અમદાવાદમાં આવી સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યું હતું. આત્મહત્યા કરતાં પહેલા યુવકે ફેસબુક પર પોતાનો વીડિયો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે પોતે જીંદગીથી કંટાળી ગયો હોઈ બ્લુ વ્હેલ ડાઉલોડ કરી તેના ટાસ્ક પૂરા કર્યા હતા, જેમાં છેલ્લે તેને આત્મહત્યાનું છેલ્લું સ્ટેપ અપાયું હતું અને તે આ આત્મહત્યા કરી રહ્યો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. યુવકનો મૃતદેહ સાબરમતી નદીમાંથી મળી આવતાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. આત્મહત્યા પહેલાં તેણે તા.૩૧મી ઓગસ્ટે ફેસબુક લાઈવ કર્યું અને તેમાં તેણે સ્યુસાઈડ ગેમ તરીકે જાણીતી બ્લુ વ્હેલ નામની ગેમ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હોવાનું અને તેમાં તેને છેલ્લા સ્ટેપમાં આત્મહત્યાનું સ્ટેજ પાર કરવાનું હોવાથી તે આત્મહત્યા કરી રહ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. રિવરફ્રન્ટ પશ્ચિમ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને સાબરમતી નદીના કિનારેથી યુવકની બેગ મળી આવી હતી. જેમાં રૂ.૪૩ હજાર રોકડા, તેનો મોબાઈલ સહિત અન્ય ચીજવસ્તુઓ મળી આવી હતી. જેના આધારે પોલીસે તેના નંબરો મારફતે તેના પરિવારજનોનો

● અનુસંધાન પાન-૭ પર

## લેફ્ટીનેન્ટની હત્યા કરનાર ત્રાસવાદી ફુંકાયો

શ્રીનગર, તા. ૨

જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં લશ્કરે તોયબાનો કુખ્યાત ત્રાસવાદી ઈશફાક પડ્ડેર આખરે ઠાર થઈ ગયો છે. તેની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. તોયબાનો આ ત્રાસવાદી ઠાર થયા બાદથી તેના સાગરીતોની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. અન્ય ખતરનાક ત્રાસવાદીઓને પણ હવે ટુંક સમયમાં જ ઠાર કરી દેવામાં આવે તેવી શક્યતા છે. સુરક્ષા દળો વ્યાપક શોધખોળ ઓપરેશન ચલાવી રહ્યા છે. ઠાર થયેલો ત્રાસવાદી ઈશફાક લેફ્ટીનેન્ટ ઉમર ફૈયાઝની હત્યામાં સીધી રીતે સામેલ હતો. ૧૦મી મેના દિવસે લેફ્ટીનેન્ટ ફૈયાઝનો મૃતદેહ મળી આવ્યો હતો. તેઓ સંબંધીના લગ્નમાં હાજરી આપવા ગયા હતા. લશ્કરના આતંકીના એન્કાઉન્ટરના પગલે શોપિયા અને કુલગામમાં મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ સ્થગિત કરી દેવામાં આવી હતી. ઈદના પ્રાર્થના બાદ કાશ્મીર ઘાટીના કેટલાક ભાગોમાં યુવાનો અને સિક્યુરિટી ફોર્સ વચ્ચે ઘર્ષણ થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

**FACTORY ON RENT**

IN GIDC - ELECTRONICS ZONE - SECTOR.26 - GNADHINAGAR, WELL PLANNED UNIT, CORNER PLOT, PLOT : 880 SQ.MTR. & BUILD-UP : 500 SQ.MTR., WITH RECEPTION-OFFICE-PRODUCTION AREA-STORE, CONTACT : B/W 11 AM -TO- 6 PM, M : 098242 03342.

**-:શોરૂમ વેચવાનો છે:-**

ગાંધીનગર માં, સેકટર-11 ના કોમર્શિયલ વિસ્તાર માં, પ્રથમ માળ, 1250 સ્કે.ફીટ કાર્પેટ એરિયા, ફ્રન્ટ ફેસિંગ, સારા કોમ્પલેક્ષ માં, ફર્નિચર-ફિક્ષચર-લાઈટ-એ.સી. સાથે, શોરૂમ / રેસ્ટોરન્ટ / ડોક્ટર-ક્લિનિક / કલાસીસ / ઓફીસ ને લાયક.
સંપર્ક :- સવારે 11 થી સાંજનાં 6 સુધી, M : 81560 08704

**જોઈએ છે પ્રોગામ ઓફિસર**

નૈરીતા સર્વિસીઝ અને તેને સંલગ્ન સંસ્થા વૈશ્વિક સ્તરે ખેતી, સિંચાઈ અને મહિલાઓના મુદ્દા પર છેલ્લા બે દાયકાથી કાર્યરત છે. સંસ્થા સમી. શંખેશ્વર અને રાધનપુર તાલુકામાં કાર્યરત છે.

સંસ્થામાં પ્રોગામ ઓફિસર્સ ની જગ્યાઓ ખાલી છે. આ માટે ઉત્સાહી, શીખવાની ધગશ ધરાવનાર, ગ્રામ્ય વિસ્તારમાં ફરી શકનારા, તે જ વિસ્તારના રહેવાસી, ધો. ૧૨ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા, બહેન/ભાઈ અરજી કરી શકે છે.
લાયકાત પ્રમાણે પગાર ધોરણ રૂા. 10,000/- થી 15,000/- સુધી રહેશે.

ઈચ્છુક ઉમેદવાર બાયોડેટા (ગુજરાતી/હીન્દી/અંગ્રેજી) માં તા. 15 સપ્ટેમ્બર, 2017 સુધીમાં નીચેના સરનામે મોકલી આપો.

૪૦૧, વ્રજ એન્કલેવ, સફલ પરીવેશ ટાવરની બાજુમાં, વ્રજ વિહાર ૮ ની સામે, પ્રહલાદનગર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ અથવા Email : trupti@naireetaservices.com Website : www.naireetaservices.com

નોટ : ફોન પર કે રૂબરૂ મુલાકાત કરનારની અરજીનો અસ્વીકાર કરવામાં આવશે.




**૨૦૧૭માં ભાજપ-કોંગ્રેસનો વિકલ્પ છે !**

**ફક્ત 3 મિનિટનો સદ્ઉપયોગ કરો... વાંચો આ જનસંદેશ...**

૭૦ વર્ષ થયા આજે આઝાદી મળ્યાને. આજ દિન સુધી આપણે દરેક પક્ષને વોટ આપ્યા, એમની સરકાર બનાવી હોય આપણને શું મળ્યું ?? માત્ર અન્યાય, અત્યાચાર, શોષણ, ગરીબી, લાચારી, બેરોજગારી, મોંઘવારી, ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર.

ફરીથી ૨૦૧૭માં ભાજપ કે કોંગ્રેસને વોટ આપીશું તો શું મળશે ? એજ જ છેલ્લા ૭૦ વર્ષમાં મળી છે, ગુલામી. તો ભાજપનો વિકલ્પ કોંગ્રેસ ને કોંગ્રેસનો વિકલ્પ ભાજપ કયાં સુધી ? હવે જોઈએ છે તમામ સમસ્યાઓનો વિકલ્પ, ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે વિકલ્પ છે.

- ✓ ઘણા વખતથી GST થી પીડાતા વેપારી કે કારીગર વર્ગ કે APMCના માર્કેટ યાર્ડ હોય, તમામે તમામ ધંધા રોજગાર બંધ રાખીને આપણે આપણા પરિવારને ભૂખે મારવા સુધી જઈ શકતા હોવા છતાં GST થી થતી પરેશાની-હેરાનગતિની કોઈ વાત પણ સાંભળવા તૈયાર નથી, તો શું રોટી, કપડા, મકાને માટે No GST નો વિકલ્પ ન હોઈ શકે ?
- ✓ બાલ મંદિરથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધી આપણા સંતાનોને ભણાવવા માટે આર્થિક ફીના ભારણ નીચે દબાઈ જઈએ છીએ ત્યારે આ શિક્ષણ ફી ના ભારણને ઓછું કરવાનો કોઈ વિકલ્પ ન હોઈ શકે ? વિકલ્પ હોઈ શકે જ.
- ✓ દવા-દવાખાના કે ડૉકટર-પ્રજા માટે ભગવાન (મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરુધ્વારા) ની ગરજ સારે છે. દર્દી ચિરાય તેના પરિવારનું ગજવું પણ ચિરાય એવું કેમ ચાલે ? ન જ ચાલે. તો શું આનો વિકલ્પ ન હોઈ શકે ?
- ✓ બેરોજગારીના ખપ્પરથી કયો સુવાન કે કયો પરિવાર પીડીત નથી. પેટે પાટા બાંધી બાંધી ભણાવેલા સંતાનો પોતાના આશા અને અરમાનો પુરા કરવા માટે નોકરી મળે તો સારું તેવી આશાએ દર-દર ભટક્યા બાદ વીલે મોઢે નિરાશ થઈને ઘરે પાછા ફરવાનું થાય ત્યારે મા-બાપ કે બેરોજગાર યુવાનની હાલત શું થતી હશે ? આવા શિક્ષિત બેરોજગારને માટે નોકરીના દરવાજા ન ખોલી શકાય કે આવા શિક્ષિત બેરોજગારને આર્થિક સહાય ન આપી શકાય ? શું વિકલ્પ નથી ? હા વિકલ્પ છે.
- ✓ આંગણવાડી-આશાવર્કર બહેનો, મધ્યાન ભોજન યોજનાના કર્મચારીઓ, ફિકસ પગારવાળા કે આઉટ સોર્સિંગની કોન્ટ્રાકટ પધ્ધતિથી નોકરીએ રખાયેલા આપણા ભાઈ-બહેનો રેલીઓ અને આંદોલનો કરીને થાકી ગયા છે. આ બધાને હાશ થાય તેવી વિકલ્પ ન આપી શકાય ? હા, વિકલ્પ આપી શકાય.
- ✓ વીજળીના ઉંચા બીલ એક કુંટુંબની કરેલી બચત ખાઈ જાય છે.
  - મધ્યમ વર્ગને પોષાય તેવા ભાવે ઘર વપરાશના રૂા. ૧૨ હજાર સુધીના વીજ બીલમાં 30% ઓછા ન કરી શકાય ? હા કરી શકાય.
  - નાના મધ્યમ કદના સેંકડો ઉદ્યોગ-ધંધાઓ બંધ થઈ રહયા છે. આ ઉદ્યોગો પર નભતો કારીગર વર્ગ પણ બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યો છે, ત્યારે આવા ઉદ્યોગોના રૂા. ૫૦ હજાર સુધીના વીજ બીલમાં ૨૦% રાહત ન આપી શકાય ? તેનો વિકલ્પ છે ? હા, વિકલ્પ છે.
  - જગતનો તાત પાતાળમાંથી પાણી કાઢીને જગતને જીવાડતો હોય તેવે વખતે ખેતી માટે વપરાતા વીજ બીલમાં ૫૦% રાહતનો શું કોઈ વિકલ્પ નથી ? હા, વિકલ્પ છે.
  - પાકના યોગ્ય ભાવ ન આપી શકાય ? જરૂર પડે તો ખેડૂતોના દેવા માફ કરવાનો વિકલ્પ છે ? હા વિકલ્પ છે.
- ✓ પેટ્રોલ, ડિઝલ કે ગેસ ઉપર લેવાતો વેટ ઓછો કરી ગેસ વાપરતી ગૃહિણીઓ તથા નાના-મોટા વાહનોમાં પેટ્રોલ પુરાવતા સૌના ચહેરા ઉપર ખુશી લાવવાનો વિકલ્પ ન આપી શકાય ? હા, વિકલ્પ આપી શકાય. હા, ૮ થી ૧૦ ટકા વેટ ઘટાડી શકાય, વિકલ્પ છે ...
- ✓ ગામડું હોય કે શહેર દરેક ગૃહિણીને પોતાના "ઘરનું ઘર" હોય તેવું સપનું સાકાર ન કરી શકાય ? ૯૦ કે ૧૦૦ ચો.વારનો પ્લોટ ના આપી શકાય ? આપી શકાય. વિકલ્પ છે.
- ✓ SC, ST, OBC કે Minority નિરાધાર કેમ છે ? તો તેમની વિડંબનાઓ તથા વધતી જતી મુઝવણોનો, વ્યથા, વેદનાનો કોઈ ઉકેલ ના હોઈ શકે ? હા, વિકલ્પ છે.
- ✓ નજીકના ભવિષ્યમાં આવનારી વિધાનસભાની ચુંટણીમાં પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરવા જઈ રહેલા મતદાતાઓને 4G મોબાઈલનું પ્રોત્સાહનરૂપે ભેટ **જન વિકલ્પ** સરકાર આપશે.

બધા પ્રશ્નોના વિકલ્પ છે જ, તેના ઉકેલ માટે જોઈએ માત્ર ઈચ્છા શક્તિ. આ પ્રશ્નો લોકશાહીમાં શાસન વ્યવસ્થાની ઊણપને લીધે જ સર્જાયા છે. પ્રશ્નો સર્જનારું પણ હું જ છું. ઉકેલ પણ અને તેનો વિકલ્પ પણ હું જ છે. સત્તાના સ્વાદને બદલે આપણા નસીબમાં તો ઝેરના ઘૂંટડા જ આવ્યા છે ત્યારે શું સૌને મૂંઝવતા પ્રશ્નોનો આપણે પોતે ઉકેલ ન લાવી શકીએ ? હા, જનતા ધારે તો જનતા તેનો વિકલ્પ (ઉકેલ) જરૂર લાવી શકે. આપણે, આપણા ગુજરાતની જનતા જનાર્દન પોતાના પ્રશ્નો પોતે ઉકેલે એવો એક નવો અભિગમ સક્રિય કરી 'જન વિકલ્પ' ઉભો કરીને મારી, આપણી સરકાર બનાવીએ, આપણા પરિવાર અને સમાજના સૌ વર્ગના મનમાં આવો વિચાર આવે તો પોતાની સરકારનો વિકલ્પ મળે, સૌનો સાથ-સહકાર હોય તો તેનો ચમત્કાર જુવો.

**પ્રશ્ન આપણો, ઉકેલ આપણો, વિકલ્પ આપણો અને સરકાર પણ આપણી.... એટલે જ... જય વિકલ્પ... જય ગુજરાત... જન જનમાં જન વિકલ્પ....**

ઉપરના પ્રશ્નોમાંથી એકપણ પ્રશ્નથી આપણે પરેશાન હોય તો...
આ જન અભિયાનમાં જોડાવા માટે **મિસ કોલ** આપો 78 78 98 00 00

જન વિકલ્પ

જન વિકલ્પ કાર્યાલય, ૩૧, અંકુર સોસાયટી વિ.૧, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ.

અસલ કાઠિયાવાડી ભોજન હવે ગાંધીનગરમાં ઉપલબ્ધ

અનલિમિટેડ ફક્ત રૂા. ૯૯/-

**ગિરનાર કાઠિયાવાડી રેસ્ટોરન્ટ**

શુદ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજનનો રસથાળ અને તે પણ સૌને પોસાય તેવી કિંમતે

લિમિટેડ ફક્ત રૂા. ૭૦/-

અશ્વમેઘ-૨, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર. મો. ૯૯૭૯૦ ૭૯૫૦૧